## –::આંક–૧ લગત હુકમ ::–

### (૧) પ્રસ્તાવના:–

આ કામના ફરિયાદીએ આરોપીઓ વિરૂધ્ધ ઈન્ડીયન પીનલ કોડની કલમ ૪૯૪, ૪૯૫ તથા ૪૧૫ અનવયે હેઠળની ખાનગી ફરિયાદ દાખલ કરેલ.

### (૨) ફરિયાદની ટૂંકમાં હકીકત:–

આ કામના ફરિયાદની ટૂંકમા હકીકત એવી છેકે, અમો અરજદારના લગન આ કામના આરોપી સાથે મોજ વ્યારા તા. જી. વ્યારા ખાતે રાધા કૃષ્ણ મંદીરમાં હીન્દુ શાસ્ત્રોકત અને હીન્દુ ધર્મના રીતરીવાજ મુજબ તા.૨૯/૫/૨૦૧૧ નારોજ સાદાઈથી થયેલા. સદર અમારા લગનની નોંધણી વ્યારા તા.જી. વ્યારા ખાતે વ્યારા નગરપાલીકા માં તા.૬/૬/૨૦૧૧ નારોજ અનુકમ નં. ૧ થી નોંધાયેલ છે. સદર લગન થકી અમોને એક પુત્ર નામ સગીર રુદ્ધ દીનેશચંદ ચૌધરીનો જન્મ થયેલ.

વધુમાં આ કામાના આરોપી પ્રથમ લગન વંદનાબેન નામની વ્યકિત સાથે થયેલા છે. તેમને બે પુત્રો મિતેશ દીનેશચંદ્ધ ચૌધરી તથા મનીષ દીનેશચંદ્ધ ચૌધરીનો જન્મ થયેલો છે.

ત્યારબાદ આરોપીના આવા ખરાબ વર્તનથી તેમજ તમો ફરિયાદીના ચારીત્રય પર શંકા કરતા હોવાથી રુદ એક વરસના થયેલા ત્યારે આરોપી અમોને સાથે રાખે એ બાબતે જણાવતા ત્યારે અમોને ખબર પડેલ કે આરોપીના પહેલેથી લગન કરેલ છે. બે બાળકો છે. જેથી આરોપીને એ બાબતે પુછતા જણાવેલ કે, તારાથી થાય તે કરી તુ મારુ કાંઈ બગાડી લેવાની નથી. આથી આ કામના ફરિયાદીએ આરોપીઓ વિરૂધ્ધ હાલની ફરિયાદ દાખલ કરેલ છે.

### (૩) કેસની કાર્યવાહી:–

આ કામના ફરિયાદીએ આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદ આપતા, મારા પુરાગામી ન્યાયાધીશે આરોપી વિરૂધ્ધ C.R.P.C કલમ–204 અન્વયે પ્રોસેસ ઈસ્યુ કરેલ. જે લગત

આરોપીનાઓ તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થયેલ. ત્યારબાદ ફરિયાદ પક્ષે પ્રી ચાર્જ પુરાવો નોંધવામા આવેલ છે.

**(૪)કેસના ગુણદોષ:-**

સદર કામના ફરિયાદ પક્ષે પુરાવો લેતા, જેમા ફરિયાદી નીતાબેન દીનેશચંદ ચૌધર ની આંક-14 થી સાહેદ, કલ્પનાબેન બાબુભાઈ પટેલ નાઓની આંક-19 તપાસવામાં આવેલ છે. જેમા તેમણે પોતાની ફરિયાદની હકીકતોને સમર્થન કરેલ છે. વધુમાં આ તબકકે ફરિયાદ દ્વારા રજુ કરેલ દસ્તાવેજો જોતાં તેમજ ફરિયાદીનો પુરાવો જોતાં સદર કામે સદર આરોપી વિરુદ ધ ટ્રાયલ ચલાવવા લગતનો પ્રથમદર્શીનીય પુરાવો જણાવે છે. આ તબકકે આરોપીને સજા થાય તે લગતનો પુરાવો છે કે કેમ તે જોવાનુ નથી. પરંતુ આરોપી વિરુધ્ધ ટ્રાયલ ચલાવી શકાય તે લગત પ્રથમદર્શીનીય પુરાવો છે કે કેમ તે જોવાનુ છે. આ તબબકે ફરિયાદીની જુબાની તથા સાહેદની જુબાની જોતાં આરોપી વિરુધ્ધ ટ્રાયલ ચલાવવા લગત પ્રથમદર્શીનીય પુરાવો જણાઈ આવે છે.

(૫) આમ, સબબ કામે ફરિયાદીની ફરિયાદ, કેસની હકીકત, સંજોગો તથા કાયદાકીય જોગવાઈને ધ્યાને લેતા, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

- આ કામના આરોપીનાઓ વિરૂધ્ધ ક્રીમીનલ પ્રોસીઝર કોડની કલમ-246(1) ઈન્ડીયન પીનલ કોડની કલમ ૪૯૪, ૪૯૫ મુજબના ગુનાનું તહોમતનામુ ફરમાવાવનો હુકમ કરવામાં આવે છે.

સબબ હુકમ તા 23 માહે જુલાઈ સને ૨૦૨૪ના રોજ વાંચી સંભળઆવી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

................................

તા ૨૩/૦૭/૨૦૨૪

ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ
વ્યારા